# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૧૯/૦૨/૨૦૧૮ થી તા.૨૫/૦૨/૨૦૧૮

## પ્રેસનોટ

(૧)

**અખબારી યાદિ તા. ૨૧/૦૨/૧૮**

**દેત્રોજ પો.સ્ટે.ના ચકચારી મર્ડર કેશનો ગણત્રીના દિવસોમાં ભેદ ઉકેલી આરોપીને ઝબ્બે કરતી સ્થાનિક પોલીસ અને એલ.સી.બી અમદાવાદ ગ્રામ્ય**

.................................................................................

જીલ્લાના દેત્રોજ પો.સ્ટે. હદ વિસ્તારના દેત્રોજ –કડી રોડ, દેવિપૂજકના સ્મશાન પાસે રહી લાકડાની લાટીમાં મજૂરી કામ કરી પોતાનુ જીવન નિર્વાહ કરતા ચાર સંતાનોના પિતા એવા ધનાભાઇ છગનભાઇ રાવળ પોતાની પત્નિ ફરીયાદિબેન શ્રી કૈલાશબેન વા/ઓ ધનાભાઇ છગનભાઇ રાવળ નાઓ ગઇ તા. ૧૭/૦૨/૧૮ ની રાતના પોતાના ઘરે પોતાની પત્નિ તથા ચાર સંતાનો સાથે સૂતા હતા તે દરમ્યાન મધ્યરાત્રીએ મરનાર ધનાભાઇ છગનભાઇ રાવળ ઉ.વ.૪૫ નાને મોઢાના ભાગે તથા કપાળમાં તીક્ષ હથિયારથી ધા કરી મોત નિપજાવેલ બાબતેનો ગુન્હો દેત્રોજ પો.સ્ટે. ખાતે નોધાયેલ જેમાં મરણજનારની રહેણાકવાળી જગ્યા વેચાણ થયેલ હોઇ ઝડપથી ખાલી કરવા સારૂ શકમંદ મહેન્દ્રસિહ નટવરસિહ સોલંકી રહે. કુકવાવ તા દેત્રોજ નાઓએ ગઇ તા.૧૫/૦૨/૧૮ ના સાંજના સાતેક વાગે સુમારે બોલાચાલી કરેલ જેથી મરણજનારે સમયસર જમીન ખાલી નહિ કરતા શકમંદે મરણજનારને તીક્ષ હથીયારથી ગંભીર ઇજા કરી મોત નિપજાવેલ બાબતે ફરીયાદિશ્રીએ પોતાની ફરીયાદમાં શક વ્યક્ત કરેલ જે ગુન્હાની ગંભીરતા ધ્યાને લઇ જીલ્લા પોલીસ વડા શ્રી, આર.વી. અસારી સાહેબશ્રી નાઓએ એલ.સી.બી, એસ.ઓ.જી. અને સ્થાનિક પોલીસની અલગ અલગ ટીમો બનાવી ગુન્હો શોધવા ખાસ સુચના કરેલ તેના ભાગરૂપે એલ.સી.બી પોલીસ ઇન્સપેક્ટર શ્રી.જે.એમ. ચુડાસમા, પો.સ.ઇ.શ્રી એ.સી.ગોહિલ, પો.સ.ઇ.શ્રી આઇ.એમ. ઝાલા, પો.સ.ઇ.શ્રી. આર.એમ.વસૈયા, પો.સ.ઇ.શ્રી એન.બી. બારોટ અને એલ.સી.બી. ટીમે ગુન્હાવાળી જગ્યાની

વીજીટ કરતા સીન ઓફ ઓફેન્સ અને ઇલેક્ટ્રોનિક સર્વેલન્સમાં શકમંદની બનાવવાળી જગ્યાએ ગેર હાજરી અને ફરીયાદિશ્રીની વર્તર્ણૂક વિગેરે કડીઓની ગુન્હાની હકિકત સાથે તાણાવાણા મેળવી ગુન્હો ઉકેલવા કવાયત હાથ ધરતા કોઇ ફળદાયક હકિકત મળી આવેલ નહિ

જેથી જર,જમીન અને જોરૂ આ ત્રયેણ કજીયાના છોરૂ એ કહેવતની થીમ ઉપર મરનાર તથા ફીરીયાદિશ્રીની દિનચર્યા, મિત્ર અને ચારીત્ર સંબધેની તપાસમાં ફરીયાદિબેનશ્રીને ઠાકોર વિક્રમ નામના ઇસમ સાથે પ્રેમ સંબધ હોવાનુ અને ભૂતકાળમાં પતિનુ કાસળ કાઢવા આશરે બે વર્ષ ઉપર રૂ.૫૦૦૦/-ની સોપારી આપેલાનુ સામે આવેલ

## ફરીયાદિ અને તેનો પ્રેમી શકના દાયરામાં

ફરીયાદિબેન કૈલાશબેનનુ પીયર સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ ખાતે થાય છે. તેના પ્રથમ લગ્ન વિરમગામ તાલુકાના મોટા ગોરૈયા ખાતે જ્ઞાતિના રીવાજ મુજબ થયેલા પરંતુ પતિ સાથે અણ બનાવ બનતા ઉભુ ઘર મૂકી ધ્રાગધ્રાના ઠાકોર સાથે મૈખિક કરારથી લગ્ન કરેલા ત્યારબાદ આશરે દશેક વર્ષ ઉપર મરનાર ધનાભાઇ સાથે મૈત્રિ કરારથી પતિ- પત્નિની જેમ સાથે રહેતી હતી તે દરમ્યાન મરનારથી બે દિકરીઓ તથા બે દિકરા એમ ચાર સંતાનોની માતા બનેલ

ફરીયાદિબેનનો પતિ મરનાર લાકડાની લાટીમાં મજૂરી કામ કરતો અને ફરીયાદિબેન ઘેટા-બકરા ચરાવવા સીમમાં જતી હતિ તે દરમ્યાન મૂળ મહેસાણા તાલુકાના મેઉ ગામનો અને હાલ દેત્રોજ ખાતે રહી દેત્રોજના રાયમલ દેસાઇના સાંઢિયા (કેમલ-ઉંટ) ચરાવતા કનુજી ઉર્ફે કરણ ઉર્ફે વિક્રમ સ/ઓ ગાંડાજી ઠાકોરના સંર્પકમાં આવતા આંખ મળતા આશરે દોઢ-બે મહિના થી એકબીજાના પ્રેમમાં હતા અને સાથે જીવવા મરવાના કોલ લીધેલા જેમાં પ્રેમમાં અંધ એવી ચાર સંતાનોની માતા ફરીયાદિએ પોતાના પ્રેમી કનુજીનુ લાડકુ નામ વિક્રમ અને પ્રેમી વિક્રમએ ફરીયાદિનુ લાડકુ નામ જમકુ રાખેલુ

## પ્રેમમાં અંધ ફરીયાદિ અને તેનો પ્રેમી પોલીસ સંકજામાં

(૧) કરણ ઉર્ફે કનુજી ઉર્ફે વિક્રમ સ/ઓ ગાંડાજી ઠાકોર ઉ.વ. ૩૦ રહે. મેઉ તા.જી. મહેસાણા હાલ દેત્રોજ

(૨) કૈલાશબેન વા/ઓ ધનાભાઇ છગનભાઇ રાવળ ઉ.વ.૪૨ રહે. દેત્રોજ તા. દેત્રોજ જી. અમદાવાદ

ફરીયાદિશ્રીને હાજર રાખી ઇલેક્ટ્રોનિક સર્વેલન્સ અને બાતમી હકિકત થકિ કનુજી ઠાકોરને ટ્રેસ કરી દેત્રોજ પો.સ્ટે. ખાતે લાવી એલ.સી.બી અને સ્થાનિક પોલીસ ધ્વારા આગવી ઢબે પૂછપરછમાં ગુન્હાની કબૂલાત કરતી કેફીયત આપેલ

## હવસમાં અંધ પત્નિએ પ્રેમી સાથે મળી પતિનુ કાસળ કાઢ્યુ

ફરીયાદિશ્રી અને પ્રેમી કનુજી ઠાકોર એકબીજાના ગળાડૂબ પ્રેમમાં હોઇ અને સાથે મરવા જીવવાના કોલ આપેલા જેમાં મરનાર અડચણ રૂપ થતા મરનાર પતિનો કાટો કાઢવાનો ફુલ પ્રુફ પ્લાન બનાવેલ જેમાં જમીન દલાલ મહેન્દ્રસિહ નટવરસિહ સોલંકી રહે. કુકવાવ તા.દેત્રોજ ઓએ મરનારના રહેઠાણવાળી જગ્યા અન્ય પાર્ટીને વેચાણ આપેલ હોઇ જમીન ઉપરથી છાપરૂ હટાવી જમીન ખાલી કરવા જમીન દલાલ મહેન્દ્રસિહે મરનારને જણાવેલ તેનો લાભ લઇ ખૂનનો આરોપ શકમંદ ઉપર ઢોળવાનુ નક્કિ કરી પ્રેમી વિક્રમ બનાવના બે દિવસ પહેલા પોતાના વતન ગામ મેઉ જતો રહેલ જેથી ગામમાં તેની હાજરી ન હોય તેના ઉપર કોઇ શક જાય નહિ

## આડા સંબધમાં કાંટારૂપ નિર્દોષ પતિનો ભોગ લેવાયો

પૂર્વયોજીત કાવત્રાના ભાગરૂપે બનાવના દિવસે ફરીયાદિબેનએ સૂવા માટે ત્રણ ખાટલા ઢાળેલા જેમાં પ્રથમ ખાટલામાં સંતાનો તે પછી પોતાનો ખાટલો અને રોડ બાજુ પતિનો ખાટલો ઢાળેલો જેમાં પતિ ભેગા કોઇ સંતાન સૂઇ ન જાય તેની તકેદારી રાખેલ તથા જરૂર પડે હથિયાર તરીકે ઉપયોગમાં લેવા પતિના ખાટલા નજીક લોખંડની કોષ હાથવગી મૂકી રાખેલ તેમજ આરોપી વિક્રમ પોતાના ગામથી આવી રાતના આશરે અગીયારેક વાગ્યાથી ફરીયાદિના છાપરા નજીકના ખેતરમાં દિવાલની ઓથે સંતાઇ ગયેલ અને મરનાર અને સંતાનો સૂઇ જતા મોડી રાતના

ફરીયાદીબેનએ આરોપી વીક્રમને ફોન કરી ગ્રીન સીગ્નલ આપતા આરોપી દિવાલ કુદી આવી છાપરાના પાછળના ભાગેથી લીમડાનુ વણ-છોલલે લાકડુ લઇ છાપરમાં આવતા ફરીયાદિએ મરનાર સૂતો હતો તે ખાટલા તરફ ઇસારો કરેલ જેથી વિક્રમે  મરનારના મોઢા ઉપર તાકાતથી જોરદાર એક ઘા મારેલો તે વખતે મરનાર બુમના પાડે તે સારૂ ફરીયાદિએ મોઢા ઉપર ઓશીકુ દબાવી રાખેલ અને ફરીયાદિએ અગાઉથી મૂકી રાખેલ લોખંડની કોષ તરફ ઇસારો કરી મારવા વિક્રમને ઇસારો કરેલ જેથી વિક્રમ ઠાકોરે કોષથી મરનારને કોષથી બે ઘા કરતા મરણજનાર તરફડીયા મારી શાંત થઇ ગયેલ જેથી મરણ ગયેલાની ખાત્રી થઇ જતા આરોપી વિક્રમ જતો રહેલો અને અગાઉથી નક્કિ થયા મુજબ જમીન દલાલ મહેન્દ્રસીહ સામે શંકા વ્યક્ત કરતી ફરીયાદ આપેલ

આ કામગીરીમાં એલ.સી.બી. પો.સ.ઇ.શ્રી એ.સી. ગોહિલ, પો.સ.ઇ.શ્રી આર.એમ.વસૈયા, પો.સ.ઇ.શ્રી એન.બી.બારોટ, પો.કો. અજયસિહ ચુડાસમા, પો.કો. પ્રદિપસિહ રાઠોડ, હે.કો.ભરતસિહ ચૌહાણ અને ટીમ તથા દેત્રોજ પો.સ્ટે.ના પો.સ.ઇ.શ્રી એમ.એચ ઝાલા અને પો.કો. ખુમાનસિહ અને ટીમ જોડાયેલ હતા





## અખબારી યાદી તા.૨૧/૦૨/૨૦૧૮

## રૂ.૯૬૦૦૦/- ની કિંમતના ભારતિય બનાવટના પરપ્રાંતિય દારૂની પેટી નંગ- ૧૬ ના વિપુલ જથ્થા સાથે એક ઇસમને ભારે જહેમતથી ઝડપી પાડતિ એલ.સી.બી, અમદાવાદ ગ્રામ્ય

જીલ્લામાં દારૂબંધીની કડક અમલવારીના હેતુસર જીલ્લા પોલીસ વડા શ્રી, આર.વી.અસારી સાહેબશ્રી નાઓએ ખાસ એકશન પ્લાન બનાવી વ્યુહાત્મક જગ્યાએ નાકાબંધી અને અસરગ્રસ્ત વિસ્તારમાં પરીણામ લક્ષી કામગીરી કરવા જીલ્લાના અધિકારીશ્રી ઓને ખાસ સૂચના કરેલ તેના ભાગરૂપે એલ.સી.બી પો.ઇન્સ. શ્રી જે.એમ. ચુડાસમા નાઓની સૂચના અને સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઇન્સ.શ્રી આઇ. એમ. ઝાલા અને એલ.સી.બી ટીમેને મળેલ ચોકકસ બાતમી આધારે અસલાલી પો.સ્ટે. હદના વસઇ ગામની સીમ, મોટા તળાવની પાળ નજીક બાવળની ઝાડીમાં રેઇડ કરી ઉર્વેશ ઉર્ફે મેહુલ ઘનશ્યામભાઇ ચૌહાણ ઉ.વ.૨૬ રહે, વસઇ એ./૪૫ દરબારવાસ તા.દશ્ક્રોઇ જીલ્લો અમદાવાદ નાને ભારતિય બનાવટના પરપ્રાંતિય રોયલ સ્ટેગ ડિલક્ષ વ્હિસ્કી ની દારૂની (પેટી નંગ– ૧૬) કપની શીલબંધ ૭૫૦ મી.લી.ની કૂલ બોટલ નંગ-૧૯૨ કિ.રૂ.-૯૬,૦૦૦/- સાથે ભારે ઝહેમતથી ઝડપી પાડેલ

### કુલ કિ.રૂ.- ૯૬,૬૬૦/--ના મુદામાલ સાથે એક ઇસમ ઝડપાયો

(૧) ઉર્વેશ ઉર્ફે મેહુલ ઘનશ્યામભાઇ ચૌહાણ ઉ.વ.૨૬ રહે, વસઇ એ./૪૫ દરબારવાસ તા.દશ્ક્રોઇ જીલ્લો અમદાવાદ

ઉકત આરોપીના કબ્જામાંથી ભારતિય બનાવટના પરપ્રાંતિય રોયલ સ્ટેગ ડિલક્ષ વ્હિસ્કી માર્કાની દારૂની પેટી નંગ- ૧૬ કી.રૂ. ૯૬૦૦૦/- તથા મો.ફોન-૧ કિ.રૂ ૫૦૦/- તથા રોકડ રકમ રૂ.૧૬૦/- સાથે મળી કૂલ રૂ.- ૯૬,૬૬૦/-- નો મુદામાલ કબ્જે કરી પકડાયેલ દારૂનો જથ્થો ક્યાથી અને કેવી રીતે મેળવેલ તથા કોને આપવાનો હતો અન્ય બીજા કોઇ સહ આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ? તે દિશામાં તપાસ સારૂ આરોપીના પોલીસ કસ્ટડીના રીમાન્ડ મેળવવા તજવીજ કરી આગળની તપાસ એલ.સી.બી, પો.સ.ઇ.શ્રી આઇ.એમ.ઝાલા નાઓએ હાથ ધરેલ છે.

આ કામગીરમાં એલ.સી.બીના પો.સ.ઇ.શ્રી આઇ.એમ.ઝાલા, હે.કો. ભરતસિંહ, પો.કો. વિપુલભાઇ તથા ડ્રા.પો.કો. ઇન્દ્રસિંહ વજુભા નાઓ જોડાયેલ હતા



# પ્રેસનોટ

## આર.આર.સેલ, અમદાવાદએ અમદાવાદ વિરમગામ હાઇવે તેલાવ ગામની સીમ રોડ ઉપર ટ્રક માથી રૂ.૧૩,૯૦,૮૦૦/- નો ઈગ્લીશ દારુ ઝડપી પાડયો

શ્રી.એ.કે.જાડેજા પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ વિભાગ અમદાવાદ દ્વારા આગામી દિવસોમાં હોળી ધુળેટીના તહેવારમાં ઈગ્લીશ દારૂની હેરાફેરી થતી અટકાવવા સારૂ આર.આર.સેલના માણસોને સુચના કરેલ જે આધારે આર.આર.સેલ સ્ટાફના પોલીસના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન હેડ કોન્સ્ટેબલ હરીશચન્દ્રસિંહ પ્રભાતસિંહ નાઓને બાતમી મળેલ કે, એક ટ્રક નંબર આર.જે.૧૧.જી.એ.૨૪૯૦ માં બટેટાના બોરીઓ નિચે ઇગ્લીંશ દારૂનો જથ્થો ભરી હરીયાણાથી રવાના થયેલ જે અમદાવાદ વિરમગામ હાઇવે થઇ સુરેન્દ્રનગર તરફ જનાર છે. જે આધારે આર.આર.સેલ ની ટીમ સાણંદ પોલીસના માણસો સાથે અમદાવાદ વિરમગામ હાઇવે તેલાવ ગામની સીમ હોટલ અમૃતફળ સામે હાજર હતા દરમ્યાન ઉપરકોત ટ્રક આવતા તેમા તપાસ કરતા રોયલ સ્ટેગ, મેકડોવેલ્સ નં ૧, પાર્ટી સ્પેસીયલ વ્હીસ્કી માર્કાની ઇગ્લીંસ દારૂની ૭૫૦ મી.લી.ની બોટલો ભરેલ બોક્ષ નંગ ૩૭૮ બોટલ નંગ ૪૫૩૬ કી.રૂ.૧૩,૯૦,૮૦૦/- મળી આવેલ

## ઇગ્લીંસ દારુ લાવનાર ટ્રકના ડ્રાઇવર, ક્લીનર ની ધરપકડ

ઇગ્લીંસ દારુ લાવનાર ટ્રકના ડ્રાઇવર (૧) જગતારસીંગ ઇકબાલસીંગ જાટ રહે. ૪૯/૫ બલકેશ્વર કોલોની કમલાનગરની પાસે આગ્રા તા.જી આગ્રા યુ.પી (૨) ક્લીનર રાજુ સ/ઓ નંદરામ મન્નુ કુશવાહ રહેમુળ રહે.ચિનાર તા.ભદરવાળ જી ગ્વાલીયર એમ.પી હાલરહે. ૪૯/૫ બલકેશ્વર કોલોની કમલાનગરની પાસે આગ્રા તા.જી આગ્રા યુ.પી ની ધરપકડ કરવામાં આવેલ છે. તેમજ આ ઇગ્લીસ દારૂનો જથ્થો મોકલનાર મહાવીર નામના ઇસમનુ નામ ખૂલવા પામતા મહાવીરના નામ નંબર આધારે તેની ધરપકડના ચક્રો ગતીમાન કરેલ છે.

## ઇગ્લીંસ દારૂના જથ્થા તથા ટ્રક સાથે કૂલ કી.રૂ. ૧૯,૫૯,૮૦૦/- નો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો

આર.આર.સેલ અમદાવાદ વિભાગ દ્વારા ટ્રકમાંથી ઇગ્લીંસ દારૂનો જથ્થો કી.રૂ.૧૩,૯૦,૮૦૦/- તથા ટ્રકની કી.રૂ.૫,૦૦,૦૦૦/- તથા બટેટાબી બોરીઓ ૧૩૦ કિ રૂ.૬૫,૦૦૦/- તથા મોબાઇલ નંગ ૩ કી.રૂ.૪૦૦૦/- મળી કૂલ કી.રૂ.૧૯,૫૯,૮૦૦/- નો મુદ્દામાલ કબજે લઇ માલ મોકલનાર તથા મંગાવનારના ધરપકડના ચક્રો ગતીમાન કરેલ છે.

## ગુનો કરવાની પદ્ધતિ

આ ગુન્હામાં આરોપીઓએ પ્રતિબંતિત ગુજરાત રાઝયમાં દારુ લાવવા માટે નવી મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરેલ હતો. જેમાં આરોપીઓ ઇગ્લીંસ દારૂનો જથ્થો બટાટાની બોરીઓ નીચે છુપાવીને લાવતા હતા.




આમ અમદાવાદ ગ્રામ્ય એલ.સી.બી. તથા આર.આર.સેલ., સાણંદ, દેત્રોજ ધ્વારા સદરી વીક દરમ્યાન ઉક્ત સારી અને પ્રસંશનિય કામગીરી કરવામાં આવેલ છે.

(આર.વી.અસારી)
પોલીસ અધિક્ષક
અમદાવાદ રુરલ અમદાવાદ